International Peer-Reviewed Referred Journal

# Ayudh

npact Factor : 4.9

ISSN - 2321 : 2160

Vol-8

pecial Issue

February - 2023

A Special Issue on Conference Proceedings

## Research & Research Methodology





Organized by
Bahauddin Govt. Arts College – Junagadh &
Dharmendrasinhji Arts College – Rajkot
In Collaboration with
Ayudh Publication – Bhavnagar

Held on 11th February, 2023

Guest Editors

Dr. Arunendrasinh Rathod
Dr. Bhavesh Kachhadiya
Dr. P. V. Barasia
Dr. Jiten Parmar

Scanned with OKEN Scanner

Scanned with OKEN Scanner

# INDEX


WIFE'S ARRIVAL: COMPARATIVE STUDY OF SIMILAR PLOTS IN ENGLISH AND GUJARATI
TANVI M. PUJARA ........ 1

DATA ANALYSIS METHODS TYPE TECHNIQUE IN RESEARCH METHODOLOGY-EDUCATION
Tejal. K. Goswami ........ 7

મધ્યકાલીન સાહિત્યમાં શૃંગાર રસ અને સતી નારી
ડૉ. તીર્થંકરદાન રતુદાનજી રોહડિયા ........ 11

આત્મનિર્ભર ભારત : એક આર્થિક અભ્યાસ
Urmilaben Gordhanbhai Parmar ........ 17

સંશોધન પદ્ધતિઓ : અસંગઠિત ક્ષેત્રનાં શ્રમિકોની સામાજિક સલામતીના વિશેષ સંદર્ભ માટે ઈ-શ્રમ પોર્ટલ પર વિશ્લેષણ
ઉર્મિલા વિશ્વનાથભાઈ ભટ્ટ ........ 21

6. Novels and their Film Adaptation: An Analysis of Research Methodology
Vaishali Jivrajbhai Dholariya ........ 30

7. A STUDY OF TEACHING EFFECTIVENESS OF SECONDARY SCHOOL TEACHERS IN CONTEXT OF CLASSROOM MANAGEMENT SKILLS
Dr. Vaishaliben Bhogilal Patel ........ 35

8. इतिहास संशोधन में संग्रहालयों का महत्त्व
डॉ वसंत पटेल ........ 39

9. संस्कृत शोध की प्राचीन पद्धति टीका और उनके पर्याय
डॉ. विभूति सी. पटेल ........ 42

10. Research & Research Methodology
Dr. Vidisha Rohitbhai Umaretiya ........ 47

11. Electronic Information Resources in Libraries
Dr. Vijaykumar R. Joshi ........ 53

12. Review on the effect of online education on job motivation
Vijaysinh Balvantsinh Sarvaiya ........ 57

13. યુવાનોની સામાજિક સમસ્યાઓ : એક સમાજશાસ્ત્રીય સંશોધન
VINOD R. KOTAK ........ 63

14. Research & Steps of Research Process
Dr. Vipula V. Vaghela ........ 67

15. जैनदर्शनन्यायदर्शनयोः प्रमाणतत्त्वस्य साम्यं वैषम्यञ्च ॥
डॉ. विष्णुप्रसाद टी. रावलः ........ 71

16. Occupational Stress and Mental Health Among Primary School Teacher
Pro. Vyomesh R. Rathod ........ 74

17. સંશોધન પદ્ધતિઓ
પ્રો. ડૉ. યોગેશકુમાર નારણભાઈ ટંડેલ ........ 78


Scanned with OKEN Scanner

Scanned with OKEN Scanner

# સંશોધન પદ્ધતિઓ

✍ પ્રો. ડૉ. યોગેશકુમાર નારણભાઈ ટંડેલ
વિષય : સંસ્કૃત
સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ, તા.ખેરગામ, જિ.નવસારી

**પ્રસ્તાવના -**

કોઈ પણ પ્રકારનું સંશોધન હાથ ધરાવું હોય તો તેના માટે ચોક્કસ અને યોગ્ય એવી સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવો પડે છે. જેના માટે માનવી પોતાની વિવેક બુદ્ધિનો ઉપયોગ કરી યોગ્ય પદ્ધતિનો સહારો લે છે. ક્યારેક તે પોતાના અનુભવોના આધારે પણ સંશોધન હાથ ધરે છે. ક્યારેક અન્ય માર્ગદર્શકના સહારે સંશોધન કરવાનો પ્રયત્ન કરે છે. પરંતુ આ બધા જ સંશોધનો વૈજ્ઞાનિક કહી શકાતા નથી. જે પદ્ધતિઓ વૈજ્ઞાનિક કસોટીમાંથી પાર ઉતરેલી હોય તેને જ સાચા અર્થમાં સંશોધન પદ્ધતિ કહી શકાય. સમસ્ત વિશ્વના સંશોધકો નીચે મુજબની કેટલીક સંશોધન પદ્ધતિઓનો પોતાના અભ્યાસમાં ઉપયોગ કરતા હોય છે, જે વૈજ્ઞાનિક કસોટીઓમાંથી પાર ઉતરેલી પદ્ધતિઓ કહેવાય છે.

**સંશોધન પદ્ધતિઓ -**

સામાન્ય રીતે સંશોધન પદ્ધતિઓના મુખ્યત્વે બે પ્રકારો જોવા મળે છે.- (૧) સંખ્યાત્મક પદ્ધતિઓ અને (૨) ગુણાત્મક પદ્ધતિઓ.

❖ સંખ્યાત્મક પદ્ધતિઓ :-

૧. પ્રયોગ આધારિત પદ્ધતિ -

આ પદ્ધતિ પ્રાણીઓ, પદાર્થો, વનસ્પતિઓ તથા જરૂર પડે તો માનવીઓ પર કરવામાં આવે છે. ખાસ કરીને સત્યની શોધ માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રયોગ માટેના નમૂનાઓ એવી રીતે પસંદ કરવામાં આવે છે કે તે અન્ય સમૂહનું પ્રતિનિધિત્વ કરી શકે. સામાન્ય રીતે યાદચ્છિક પદ્ધતિના વિવિધ પ્રકારો દ્વારા નમૂનાઓ પસંદ કરવામાં આવે છે. પ્રયોગો દ્વારા નીપજતા પ્રતિભાવોનું તેમાં અવલોકન કરવામાં આવે છે. પ્રયોગ માટેના પરિબળોની અસરોનું નિયંત્રિત પરિબળોના વર્તન સાથે સરખામણી કરવામાં આવે છે. અંતે તેના તારણો કાઢી સત્યની સિદ્ધિ પ્રસ્થાપિત કરવામાં આવે છે. વિવિધ વિજ્ઞાનોના સંશોધન માટે આ પદ્ધતિનો ખૂબ જ વ્યાપક રીતે ઉપયોગ કરવામાં આવે છે. ઉપરાંત સમાજશાસ્ત્ર અને વર્તનવ્યવહારના શાસ્ત્રોમાં પણ આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

૨. પ્રયોગમુક્ત પદ્ધતિઓ -

પ્રયોગમુક્ત પદ્ધતિના ચાર પ્રકારો છે, જે નીચે મુજબ છે.

(૧) વર્ણનાત્મક પદ્ધતિઓ - આ પદ્ધતિના બે પ્રકારો જોવા મળે છે.

- વિકાસાત્મક પદ્ધતિ - આ પદ્ધતિ દ્વારા વ્યક્તિ કે સમૂહો તેમની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે. સ્થળો, ચીજ-વસ્તુઓ, ગ્રંથો, કલાઓ વગેરેનો પણ અભ્યાસ આ પદ્ધતિ દ્વારા કરવામાં આવે છે. ઉપરાંત નિસર્ગ વિજ્ઞાનો, સમાજશાસ્ત્રો અને વ્યવસ્થાપન ક્ષેત્રોના અભ્યાસ માટે પણ આ પદ્ધતિનો ઉપયોગ વ્યાપક રીતે કરવામાં આવે છે.
- સળંગસૂત્રી પદ્ધતિ - લાંબા ગાળાની પ્રવૃત્તિઓ, કાર્યક્રમો, આયોજનો, આંદોલનો વગેરેના અભ્યાસ માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આવા કાર્યક્રમોમાં થતા પરિવર્તનો, તેની ખામીઓ, ખૂબીઓ, તેમાં કરવા જેવાં ફેરફારો વગેરેને ઉદ્દેશી આ પદ્ધતિ ઉપયોગમાં લેવાય છે. ઉપરાંત નવી બનાવેલ દવાની અસરો જોવા, શોક્ષણમાં અખતરો કરવા તેમજ લોકમત ઘડતરની ચઢ-ઊતર તપાસવા માટે પણ આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

(૨) સંબંધાત્મક પદ્ધતિઓ - આ પદ્ધતિના ત્રણ પ્રકારો જોવા મળે છે.

- વ્યક્તિ-અભ્યાસ પદ્ધતિ - જયારે કોઈ વ્યક્તિ, જૂથ, સંસ્થા, કાર્યક્રમ, ઝુંબેશ વગેરેનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરવા માટે આ પદ્ધતિ ઉપયોગમાં લેવામાં આવે છે. આ પદ્ધતિમાં વિધાયક અને નિષેધાત્મક બંને પાસાઓનો અભ્યાસ કરવામાં આવે છે. મેનેજમેન્ટ શિક્ષણના ક્ષેત્રે આ પદ્ધતિ અત્યંત પ્રચલિત માનવામાં આવે છે.



Scanned with OKEN Scanner
Scanned with OKEN Scanner

- કારણ તુલનાત્મક પદ્ધતિ - જીવનના વિવિધ ક્ષેત્રે બનતી ઘટનાઓના મૂળ કારણ જાણવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આજે ભારતના કેટલાક રાજ્યોમાં ખેડૂતોના આત્મહત્યાના કિસ્સાઓ વધી રહ્યા છે, જેના અભ્યાસ માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આવી અત્યંત ગુંચવણભરી પરિસ્થિતિનો ખ્યાલ મેળવી સત્યની તપાસ માટે ખુબ જ ધીરજપૂર્વક આ પદ્ધતિ ઉપયોગમાં લેવામાં આવે છે, જેથી તેના અસરકારક ઉપાયો વિચારી શકાય.
- સહસંબંધલક્ષી પદ્ધતિ - એક કરતાં વધુ પાત્રોનો અભ્યાસ કરી તેમની વચ્ચેનો સંબંધ તપાસી તેનું મૂલ્યાંકન કરવા માટે આ પદ્ધતિ ઉપયોગમાં લેવામાં આવે છે.

(૩) સર્વેક્ષણ પદ્ધતિ - વર્તમાન સમયમાં વ્યક્તિ, સમૂહ, સંસ્થા, પ્રવૃત્તિ, કાર્યક્રમ વગેરેની વિશિષ્ટતાઓ, ખાસિયતો, સમસ્યાઓ, વગેરેનો અભ્યાસ કરવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. વર્તમાન સ્થિતિનું વર્ણન કરવું, તેના અર્થઘટનો કરવા અને તેના ઉપરથી શક્ય એટલું ભવિષ્યકથન કરવું તે આ પદ્ધતિનું કાર્ય છે. સ્થાનિકથી માંડી વિશ્વકક્ષાની બાબતોને આ પદ્ધતિ દ્વારા આવરી લેવાય છે. પરંતુ તેના સર્વેક્ષણની વિશ્વસનીયતા માહિતી આપનારની સચ્ચાઈ કે પ્રામાણિકતા ઉપર આધારિત હોય છે.

(૪) પ્રવાહલક્ષી પદ્ધતિ - સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક વગેરે ક્ષેત્રે થતી પ્રવૃત્તિઓની ગતિવિધિઓ તપાસી, તેની માહિતી એકત્રિત કરી વર્તમાન પ્રવાહોનું ચિત્ર સ્પષ્ટ કરવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. એક જ પ્રવૃતિનું વારંવાર સંશોધન કરી ભૂતકાળને વર્તમાન સાથે જોડી સમાજમાં પ્રવર્તમાન પ્રવાહ અંગે જાણકારી ઉપલબ્ધ કરવામાં આવે છે. જેના આધારે ભવિષ્યના આયોજનો શક્ય બને છે. વેપાર-ઉદ્યોગ, લોકપસંદગીઓ, બદલાતી ફેશનો વગેરે ક્ષેત્રોની માહિતી આ પદ્ધતિ દ્વારા મેળવવામાં આવે છે.

❖ ગુણાત્મક પદ્ધતિઓ :-

૧. માનવજાતિલક્ષી પદ્ધતિ -

માનવસમાજમાં બનતી ઘટનાઓ અને તેમાં થતી વ્યક્તિ તથા સમાજના જૂથોની ભાગીદારીનો અભ્યાસ આ પદ્ધતિ દ્વારા કરવામાં આવે છે. આ પદ્ધતિમાં વ્યક્તિના પોતાના મુખેથી સાંભળવા મળતા વિચારો, અભિપ્રાયો, લાગણીઓ, સંવેદનાઓ વગેરેનો અભ્યાસ કરી અનુમાનો તારવવામાં આવે છે. જેના આધારે જનજીવનની ગુણવત્તા તથા તેમાં કરવા જેવાં પરિવર્તનો વગેરેનું સૂચન કરવામાં આવે છે.

૨. વિશ્લેષણલક્ષી પદ્ધતિઓ -

વિશ્લેષણ પદ્ધતિના ત્રણ પ્રકારો છે, જે નીચે મુજબ છે.

વિભાવનાઓને સમજવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

(૧) વિભાવનાલક્ષી પદ્ધતિ - સમાજમાં પ્રવર્તમાન અનેક વિભાવનાઓને સમજવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

માનવીના પોતાના મનમાં ઉદ્ભવતા પ્રશ્નો જેવાકે ધર્મ, અધ્યાત્મ, ભક્તિ, સ્વર્ગ, ભાગ્ય, સત્ય વગેરેની શોધ માટે જીવનભર પ્રયત્નો

કરતો રહે છે. જેના નિવારણ માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

(૨) ઐતિહાસિકતાલક્ષી પદ્ધતિ - માનવી પોતાના ભૂતકાળને જાણી વર્તમાનને સમજે અને તેના આધારે ભવિષ્યનું ચિત્ર કલ્પી શકે તે

માટે આ પદ્ધતિ ઉપયોગી છે. આદિ કાલથી ચાલી આવતી ઐતિહાસિક ઉથલ-પાથલોના અભ્યાસ માટે આ પદ્ધતિ અત્યંત ઉપયોગી

સાબિત થાય છે. જેના આધારે સમાજ સમક્ષ સત્ય પ્રસ્થાપિત કરી શકાય છે.

(૩) કાનૂનલક્ષી પદ્ધતિ - કાયદા-કાનૂન પર નિર્ભર માનવસંસ્કૃતિના અભ્યાસ માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. કાયદા-

કાનૂનના હકારાત્મક તથા નકારાત્મક પ્રભાવોની સમજ આ પદ્ધતિ દ્વારા સમાજ સમક્ષ રજૂ કરી શકાય છે.

આમ સમગ્ર રીતે જોતા કહી શકાય કે સંશોધન પદ્ધતિઓ વિવિધ પ્રકારની છે, જેમાં માનવીએ કયા પ્રકારનું સંશોધન કરવું

છે, તેના આધારે તેણે સંશોધન પદ્ધતિ પસંદ કરી સંશોધન હાથ ધરવાનું હોય છે.

➢ સંદર્ભ :-

ગુજરાતી વિશ્વકોશ, ભાગ-૨૨, ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ અમદાવાદ, પૃ.નં.૭૯૨-૭૯૩



Scanned with OKEN Scanner

Scanned with OKEN Scanner

आज़ादी का अमृत महोत्सव

सत्यमेव जयते

# CERTIFICATE

Bahauddin Government Arts College, Junagadh & Dharmendrasinhji Arts College, Rajkot in collaboration with Ayudh Publication, Bhavnagar jointly organized One Day International Conference on

## Research & Research Methodology

11th February, 2023

This is to Certify that Dr./Mr./Ms. Prof. Yogeshkumar Naranbhai Tandel from Government Arts, Commerce And Science College Khergam Research Scholar/ Assistant Professor/ Associate Professor /Professor/DPE has participated and presented research paper titled Gujarati

Bhavesh

| | | | |
|---|---|---|---|
| Dr. Bhavesh Kachhadiya<br>Convener<br>Dharmendrasinhji Arts College, Rajkot | Dr. Jiten Parmar<br>Convener<br>Bahauddin Govt. Arts College, Junagadh | Dr. P. V. Barasia<br>Principal<br>Bahauddin Govt. Arts College, Junagadh | Dr. Arunendrasinh Rathod<br>Principal<br>Dharmendrasinhji Arts College, Rajkot |

Scanned with OKEN Scanner